# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪

સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૩૦ • ૧૫ નવેમ્બર ૨૦૨૨ • પાના : ૩૨ • વાર્ષિક લવાજમ રૂ.૫૦


## શિશુવિહાર પ્રાંગણમાં ભૂલકાં મેળો



ભાવનગર જિલ્લા પંચાયત આઈ.સી.ડી.એસ. અને ભાવનગર મહાનગરપાલિકા આયોજિત આંગણવાડીનાં બાળકો, કાર્યકરો તથા માતાઓ માટે એક દિવસીય ભૂલકાં-મેળો ૧૨ ઑક્ટોબરે શિશુવિહાર પ્રાંગણમાં યોજવામાં આવેલ. આ પ્રસંગે ભાવનગર જિલ્લાની આંગણવાડીનાં ૨૦૦થી વધુ બાળકો અને ૧૭૫ વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ભાવનગરનાં માનનીય મેયરશ્રી, પૂર્વ ધારાસભ્યશ્રી વિભાવરીબહેન દવે, કલેક્ટરશ્રી, કમિશનર તથા ડેપ્યુટી કમિશનર ભાવનગર મહાનગરપાલિકા, પ્રમુખશ્રી જિલ્લા પંચાયત, સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેનશ્રી તથા સી.ડી.પી.ઓ.ની ઉપસ્થિતિમાં શહેર તથા ગ્રામ્ય વિભાગના બાળકોએ અભિનય પ્રસ્તુતિ કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોનું બાળકોએ તૈયાર કરેલ ચિત્રોથી સ્વાગત કરવામાં આવેલ. ભોજન બાદ કાર્યક્રમનાં બીજા સત્રમાં ભૂલકાંઓ સાથે શિશુવિહાર બાલમંદિરનાં શિક્ષક શ્રી પ્રીતિબહેન ભટ્ટ, અંકિતાબહેન ભટ્ટ, કમલાબહેન બોરીચા, ઉષાબહેન રાઠોડ દ્વારા બાળકો અને તેના વાલીઓને વિવિધ સર્જનાત્મક તાલીમ,


તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઈ ભટ્ટ

❀ પ્રકાશન સ્થળ ❀



શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Phone: (0278)2512850




બાળ રમતો, અભિનય ગીતો અને બાળવાર્તાની પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. આ પ્રસંગે શિશુવિહાર સંસ્થાના મંત્રી ડૉ. નાનકભાઈ ભટ્ટે ઉપસ્થિત વાલીઓને બાળઉછેરમાં પોષક આહાર વિષયે સજાગ કર્યા હતા. 'સ્વ. શૈલાબહેન પ્રફુલભાઈ સૂચક તાલીમ કેન્દ્ર'ના ઉપક્રમે યોજાયેલ પ્રવૃત્તિનું સંકલન પ્રોગ્રામ ઑફિસરશ્રી સાવિત્રીબહેન નાથજી અને શિશુવિહારના સંયોજક શ્રી હીનાબહેને કર્યું હતું. કાર્યક્રમના સમાપને યોજાયેલ કઠપૂતળીના મંચનથી બાળકો ખુશ-ખુશ થયાં હતાં.














Ph. No. : ૦૨૭૮-૨૪૨૮૯૦૦ E-mail @ po.bhavnagar.urban@gmail.com

**પ્રોગ્રામ ઓફિસરશ્રીની કચેરી**

આઈ.સી.ડી.એસ. શાખા, ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર -૩૬૪૦૦૧

આઈ.સી.ડી.એસ.શાખા.મ.ન.પા./પી.ઓ.કચેરી/૩૪૭/૨૦૨૨ તા.૧૪/૧૦/૨૦૨૨

પ્રતિશ્રી,
પ્રમુખશ્રી અને મંત્રીશ્રી,
શિશુવિહાર સંસ્થા,
ભાવનગર.

આઈ.સી.ડી.એસ.શાખા, જિલ્લા પંચાયત ભાવનગર અને મહાનગરપાલિકા ભાવનગરનાં સંયુક્ત ઉપક્રમે યોજાયેલ "ભૂલકા મેળા" માં "શિશુવિહાર" સંચાલિત બાલમંદિરનાં સ્ટાફ દ્વારા બાળગીત, તાલની રમત વગેરે પ્રવૃત્તિઓ કરાવીને અમારા બાલાદેવોને આનંદિત કર્યા તે બદલ આપ સૌના અમે આભારી છીએ. એજ રીતે, બાળકોને "શિશુવિહાર"નાં પટાંગણમાં મુક્તરીતે રમવાનો આનંદ મળ્યો તેમજ અમારા કાર્યક્રમમાં શિશુવિહાર પરિવાર પણ સંકલન અને સહકારમાં રહ્યો તે બદલ અમે સંસ્થાનાં ખુબ ખુબ આભારી છીએ. ભવિષ્યમાં પણ આ રીતે જ સહકાર મળતો રહેશે તેવા વિશ્વાસ સાથે પુનઃ આભાર.

S.A.Nath
પ્રોગ્રામ ઓફિસર
આઈ.સી.ડી.એસ.શાખા
ભાવનગર મહાનગરપાલિકા

ICDS શાખા જિલ્લા પંચાયત ભાવનગર અને મહાનગરપાલિકા ભાવનગરનાં સંયુક્ત ઉપક્રમે યોજાયેલ 'ભૂલકાં મેળા'માં 'શિશુવિહાર' સંચાલિત બાલમંદિરનાં સ્ટાફ દ્વારા બાળગીત, તાલની રમત વગેરે પ્રવૃત્તિઓ કરાવીને અમારાં બાલદેવોને આનંદિત કર્યા તે બદલ આપ સૌના આભારી છીએ. એ જ રીતે બાળકોને 'શિશુવિહાર'નાં પટાંગણમાં મુક્તરીતે રમવાનો આનંદ મળ્યો તેમ જ અમારા કાર્યક્રમમાં 'શિશુવિહાર' પરિવાર પણ સંકલન અને સહકારમાં રહ્યો તે બદલ અમે સંસ્થાનાં આભારી છીએ. ભવિષ્યમાં પણ આ રીતે જ સહકાર મળતો રહેશે તેવા વિશ્વાસ સાથે પુનઃ આભાર.

સાવિત્રી નાથજી (પ્રોગ્રામ ઓફિસર)
આઈ.સી.ડી.એસ. શાખા, ભાવનગર મહાનગરપાલિકા



# દર્શક સ્મૃતિ વ્યાખ્યાન




લંડનથી પ્રકાશિત થતા 'ઓપિનિયન' સામયિકનાં સૌજન્યથી 'દર્શક વ્યાખ્યાનમાળા'નું છઠ્ઠું વક્તવ્ય ૧૫ ઑક્ટોબરે સંસ્થા પરિસરમાં યોજાયું. આ પ્રસંગે સુપ્રતિષ્ઠિત સંપાદક, લેખક પ્રાધ્યાપક શ્રી ભરતભાઈ મહેતાએ 'દર્શક' (મનુભાઈ પંચોળી) આજના સંદર્ભમાં' વિષયે મનનીય વિચારો રજૂ કર્યા હતા. લોકભારતી ગ્રામવિદ્યાપીઠના ઉપક્રમે યોજાયેલ કાર્યક્રમના પ્રારંભે ગુજરાત સાહિત્ય પરિષદના અધ્યક્ષશ્રી અને વ્યાખ્યાનમાળા સમિતિના નિમંત્રક શ્રી પ્રકાશ ન. શાહે વ્યાખ્યાતા અને ઉપક્રમનો પરિચય આપ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત શ્રોતાઓને શિશુવિહારનો પરિચય આપતા સંસ્થાના મંત્રી ડૉ. નાનકભાઈ ભટ્ટે આદરણીય મનુભાઈ અને માનભાઈના સ્નેહ સંબંધો યાદ કરતા સહુનું સ્વાગત કર્યુ હતું. સ્વરુચિ ભોજનથી સંપન્ન થયેલ વિચાર ગોષ્ઠીનું સંકલન શ્રી હસમુખભાઈ દેવમુરારીએ કર્યુ હતું.





# અંજન સ્મૃતિ- આર્ટ ઍન્ડ ક્રાફ્ટ વર્કશોપ



મુંબઈમાં જાણીતા આર્ટ ક્રાફ્ટ કલ્ચર 'કે. ક્રાફ્ટ વર્ડ'નાં ડિરેક્ટર શ્રી ખ્યાતિબહેન હકાણી દ્વારા શિશુવિહારમાં આર્ટ વર્કશોપનું આયોજન થયું. જેમાં ૬૦થી વધુ વિદ્યાર્થીઓને સૉફ્ટ પૅસ્ટલ આર્ટ, કેનવાસ આર્ટ, મંડાલા આર્ટ તેમ જ માઉન્ટેન સ્કેચિંગ પ્રકારે આર્ટિકલ તૈયાર કરવાની તાલીમ આપવામાં આવેલ.





ભાવનગર કલાસંઘના સંચાલક શ્રી રમેશભાઈ ગોહિલ, ડૉ. અશોકભાઈ પટેલ તથા શ્રી દર્શનાબહેન વડોદરિયાના સહકારથી વિદ્યાર્થીઓને મટીરીયલ્સ આપવામાં આવેલ તાલીમ દરમિયાન શ્રી રાજેન્દ્રભાઈ દવે અને ડૉ. નાનકભાઈ ભટ્ટની વિશેષ ઉપસ્થિતિમાં ખાસ મુંબઈથી પધારેલાં શ્રી ખ્યાતિબહેન હકાણીનું અભિવાદન કરવામાં આવ્યું હતું. શ્રી ભૂરખિયા હનુમાન સ્મૃતિ ટ્રસ્ટના સેવક સ્વ. જીવણભાઈ હકાણીની સ્મૃતિમાં યોજાયેલ કાર્યક્રમનું સંકલન સંસ્થાનાં કો-ઑર્ડિનેટર હીનાબહેન ભટ્ટ તથા શ્રી પ્રીતિબહેન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. તા.૧૫-૧૬ ઑક્ટોબરના રોજ ચાર સેશનમાં યોજાયેલ તાલીમ દરમિયાન સૌને નાસ્તો અને પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવેલ.



# શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓ




• શ્રી મધુભાઈ ત્રિવેદી 'સુહાને નગ્મે' તથા શ્રી કિરીટભાઈ તન્ના સંચાલિત 'મધુર સ્વર સંગીત સંધ્યા' ગ્રુપનો કાર્યક્રમ તારીખ ૨ ઑક્ટોબરે ૧૫૦થી વધુ પ્રેક્ષકોની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમમાં ૨૨ ગીતો રજૂ થયાં હતાં.



• વિશ્વ વૃદ્ધ દિવસ પ્રસંગે શિશુવિહાર સંસ્થા દ્વારા સ્થાપિત ભાવનગર વૃદ્ધાશ્રમમાં ધ્વજવંદન તથા વડીલોને પુરસ્કૃત કરવાનો કાર્યક્રમ ૨ ઑક્ટોબરે યોજાઈ ગયો. શહેરના ૧૦૧ વર્ષના વયસ્ક નાગરિક શ્રી હરગોવિંદભાઈ જેઠવાની અધ્યક્ષતામાં યોજાયેલ સમારોહમાં શિશુવિહાર સંસ્થાના મંત્રી ડૉ. નાનકભાઈ ભટ્ટે વડીલ વંદના હેતુ સહ આશ્રમવાસીઓને સ્વસ્થ જીવન સાથે ભાવનગર વૃદ્ધાશ્રમના સ્થાપક પૂજ્ય માનભાઈ ભટ્ટની ભાવનાઓને યાદ કરી હતી. વૃદ્ધાશ્રમનાં પ્રમુખ ડૉ. નીલાબહેન ઓઝાનાં માર્ગદર્શન હેઠળ યોજાયેલ કાર્યક્રમમાં ઉપસ્થિત ૨૫૦ આશ્રમવાસીઓને શિશુવિહાર સંસ્થાનું સાહિત્ય કાપડની થેલીમાં આપવામાં આવેલ.





• સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા સ્ટાફ માટેના રાસ-ગરબાનો પારિવારિક કાર્યક્રમ નવમાં નવરાત્રીએ સંસ્થા પ્રાંગણમાં યોજાયો. સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા-ભાવનગર મોડ્યુલનાં ડે. જનરલ મેનેજર શ્રી દેબાશીષ મોંહતી, ભાવનગરનાં રીજીયોનલ મેનેજરશ્રી શૈલેષ ગોહેલ, મેનેજર(એચ.આર.), શ્રી મીલી દાસની ઉપસ્થિતિમાં યોજાયેલ પારિવારિક ગરબા મહોત્સવમાં ૪૦૦ કર્મચારીઓ જોડાયા હતા. ભોજન બાદ મોડી રાત્રી સુધી યોજાયેલ નવરાત્ર ઉત્સવનું સંકલન રીજીયોનલના વિભાગ-૧નાં એ.જી.એમ.શ્રી શૈલેશભાઈ ગોહેલ તથા મેનેજર એચ.આર. શ્રીમતી મીલી દાસ દ્વારા થયું હતું. ૩ ઑક્ટોબરે શિશુવિહારના સુવિધાજનક પરિસરમાં નવરાત્ર ઉત્સવ આનંદ સભર બની રહ્યો હતો.



• શહેરના સેવાભાવી નાગરિક શ્રી ધીરુભાઈ ચૌહાણની શાળામાં અભ્યાસ કરતા અત્યંત જરૂરિયાતમંદ ૫૦ વિદ્યાર્થીઓને ગાંધીનગર સ્થિત શ્રી દિવ્યાબહેન મહેતા તરફથી શિશુવિહારથી તૈયાર થયેલ સ્કૂલ કીટનું વિતરણ કરવામાં આવ્યું. ૬ સપ્ટેમ્બરે શિવાજી સર્કલ વિસ્તારમાં યોજાયેલ વિતરણ કાર્યક્રમમાં શિશુવિહાર સંસ્થાનાં સહમંત્રી શ્રી ઈન્દાબહેન ભટ્ટ ઉપસ્થિત રહ્યાં હતાં અને વિદ્યાર્થીઓને જીવન ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.





• એક્સેલ એક્સપ્રેશન ૨૦૨૨ના આયોજન માટેની પ્રારંભિક બેઠક ૮ ઑક્ટોબરે બુધસભા હૉલમાં મળી હતી. શહેરના ૫૦થી વધુ તજજ્ઞોની ઉપસ્થિતિમાં સુમિટોમો કેમિકલ્સ ઈન્ડિયાના સંયોજકોએ ભાવનગરની યુવા પેઢી માટે સમગ્ર કાર્યક્રમનું આયોજન ઘડી કાઢ્યું.



• સ્વર સાધના સંગીત ગ્રુપનો ૫૦મો કરાઓકે ટ્રેક કાર્યક્રમ ૯ ઑક્ટોબરે યોજાઈ ગયો. શ્રી પુનિત અંધારિયા, આનંદ પટ્ટણી, લતા ઠાકરનાં મધુર કંઠે રજૂ થયેલ ગૉલ્ડન જ્યુબિલી કાર્યક્રમને માણવા આવેલ ૩૦૦થી વધુ શ્રોતાઓની પ્રેરક ઉપસ્થિતિમાં શિશુવિહાર સંસ્થાએ તમામ ગાયકોનું મોમેન્ટો અને ખેસથી વિશેષ અભિવાદન કર્યુ હતું.



• આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે શિશુવિહાર સંસ્થા દ્વારા સન્માનિત રાજ્યની ૭૫ સ્વૈચ્છિક સંસ્થાઓના મહાસંઘ ‘ગુજરાત સેવા સેતુ’નું પ્રથમ રાજ્ય સ્તરીય સંમેલન ૯ ઑક્ટોબરે અમદાવાદમાં મળ્યું હતું. ગુજરાત રાજ્યનાં પૂર્વ મુખ્ય સચિવ શ્રી પી.કે. લહેરી સાહેબની અધ્યક્ષતામાં યોજાયેલ પરિસંવાદમાં જિલ્લા પ્રતિનિધિ તરીકે શિશુવિહારથી પ્રા. ડૉ. નેહલભાઈ ત્રિવેદી, શ્રી હીનાબહેન ભટ્ટ તથા શ્રી અનિલભાઈ બોરીચા

હાજર રહ્યા હતા. આ પ્રસંગે સેવા સેતુના કોર મેમ્બર તરીકે ડૉ. નાનકભાઈ ભટ્ટે રાજ્યમાંથી ઉપસ્થિત ૩૩ જિલ્લા પ્રતિનિધિશ્રીઓનું સ્વાગત કર્યુ હતું. જ્યારે ડૉ. નેહલભાઈ ત્રિવેદીએ સમગ્ર સંકલન કર્યુ હતું.




• સપ્તસૂરી સંગીત સંધ્યાના ઉપક્રમે ૬૨ મો કાર્યક્રમ તારીખ ૧૮ સપ્ટેમ્બરે તથા ૬૩મો જૂના ફિલ્મી ગીતોનો કાર્યક્રમ ૧૬ ઑક્ટોબરે યોજાઈ ગયો. શ્રી પ્રશાંતભાઈ ભટ્ટના સંયોજન નીચે યોજાયેલ બંને કાર્યક્રમનો આસ્વાદ લેવા ૭૫૦થી વધુ સંગીત પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.



• શિશુવિહાર સંસ્થાનાં ઉપક્રમે શ્રી પ્રણવ બક્ષી વિનય મંદિર શાળાના વિદ્યાર્થીઓ માટે ૨૩મી આપત્તિ નિવારણ અને ફર્સ્ટ એડ તાલીમ યોજવામાં આવી હતી. વાઘ બકરી ટી ફાઉન્ડેશનના વિશેષ સહયોગથી તા.૨૧ ઑક્ટોબરે યોજાયેલ કાર્યક્રમમાં ઉપસ્થિત ૭૦ વિદ્યાર્થી તથા વાલીઓને શ્રી હરેશભાઈ ભટ્ટ દ્વારા ફાયર એક્સટીનગુશેરનો પ્રેક્ટિકલ ઉપયોગ કરી તથા પ્રાથમિક સારવારની સમજ પ્રત્યક્ષ નિદર્શન દ્વારા આપવામાં આવેલ. 'પૂજ્ય કાંતિસેનભાઈ શ્રોફ શતાબ્દી મહોત્સવ' પ્રસંગે તમામ વિદ્યાર્થીઓને શિશુવિહાર તરફથી બાળ આરોગ્ય સૂત્ર ભેટ આપવામાં આવેલ. કાર્યક્રમનું સંકલન શ્રી રાજુભાઈ મકવાણાએ કર્યુ હતું.



•જરૂરિયાતમંદ શ્રમિકોને સ્વ-રોજગાર સાધન સહાય તરીકે તારીખ ૩૦ ઑક્ટોબર સાઈકલ વિતરણ કરવામાં આવેલ. શ્રી પ્રમોદભાઈ વોરાના અથાગ પ્રયત્નથી સતત ૯૩ માસથી યોજાતા કાર્યક્રમમાં ૩૦થી વધુ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. શિશુવિહાર પરિસરમાં યોજાતા કાર્યક્રમમાં શ્રી મરિયમબહેન ફૈસલભાઈ કપાસી હાજર રહ્યા હતા.






• શ્રી કાદરભાઈ શેખના સંકલન તળે સૂર સંગીત ભાવેણા ગ્રુપનો 'એક શામ મૂકેશ-લતા કે નામ' સંગીત સંધ્યાનો કાર્યક્રમ સંસ્થા રંગમંચ પર તા.૩૦ ઑક્ટોબરે યોજાઈ ગયો. જેમાં ગીતકાર શ્રી સુનિલભાઈ પંજવાણીના કંઠે જૂનાં હિન્દી ફિલ્મોનાં દૃશ્ય-શ્રાવ્ય ગીતોનો આસ્વાદ માણવા ૨૦૦થી વધુ સંગીત પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સંસ્થા કાર્યકરોનું સ્નેહમિલન



શિશુવિહાર સંસ્થામાં સેવાર્થી કાર્યકરોનું વાર્ષિક સ્નેહમિલન તારીખ ૨૨ ઑક્ટોબર શનિવારે યોજાયું. સંસ્થા પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ દવે, શ્રી શબનમબહેન કપાસી, શ્રી હરેશભાઈ ભટ્ટ, શ્રી જતીનભાઈ ભટ્ટ તથા GCERTના પૂર્વ નિયામક શ્રી નલિનભાઈ પંડિતની અધ્યક્ષતામાં યોજાયેલ કાર્યક્રમના પ્રારંભે સંસ્થાના કાર્યક્રમ સંયોજક શ્રી અનિલભાઈ બોરીચાએ સહુને આવકાર આપી ઉપક્રમ પરિચય આપેલ, ત્યારબાદ ક્રમશઃપુસ્તકાલય, બુધસભા, બાલદેવવન, બાલમંદિર, આરોગ્ય સેવા, મનોરંજન, પ્રકાશન, સંકલન, એકાઉન્ટ વિભાગ તેમજ જીવનશિક્ષણ પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ કાર્યકરોએ પોતાની વર્ષભરની કામગીરીનો અહેવાલ તથા વર્ષ ૨૦૨૨-૨૩નું આયોજન પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. આ ઉપરાંત સંસ્થાના કાર્યકરોનાં સંતાનો તથા ક્રીડાંગણના ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય આપવામાં આવેલ.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ દવે, શ્રી નલિનભાઈ પંડિત, તથા શ્રી શબનમબહેન કપાસીએ તમામ કાર્યકરોને અભિનંદન

પાઠવ્યા હતા. તથા એક ટીમ તરીકે ઉત્કૃષ્ટ સેવા કરનાર પ્રા. ડૉ. નેહલભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ સંસ્થાના ૧૦૦માં વર્ષના વિઝન તરફ વધુ સારા ઉમદા કાર્ય થાય તે લક્ષ્ય રાખી કાર્ય વિશે માર્ગદશર્નન આપ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા તમામ કાર્યકરોને પુરસ્કૃત કરવામાં આવેલ. ભોજન બાદ સંપન્ન થયેલ કાર્યક્રમમાં પરિવારના તમામ સભ્યોએ પરસ્પરને શુભેચ્છા પાઠવી હતી.

## શિશુવિહાર ટીમનું વિશિષ્ટ આયોજનઃ વર્ષ ૨૦૨૨-૨૩

(માર્ગદર્શકઃ પ્રા.ડૉ. નેહલભાઈ ત્રિવેદી)




• **કાર્યકરઃ શ્રી હીનાબહેન ભટ્ટ વિભાગઃ સંસ્થા સંચાલન**

સંસ્થાનું કાર્યક્ષેત્ર ભાવનગર જિલ્લામાં વિસ્તારવું, સંસ્થામાં નિષ્ણાતોની સેવા વધારવી, સંસ્થા કાર્યકરોની ક્ષમતા વિકાસ માટે આયોજન કરવું, બાલદેવવનનો વિકાસ કરવો, ઓર્ગેનિક ફૂડ કેન્ટિન તૈયાર કરવી, ઓર્ગેનિક શાકભાજી વેચાણની વ્યવસ્થા કરવી, ઔષધ બાગ તૈયાર કરવો, કલાવર્ગ માટેનું નવું મકાન તૈયાર કરવા દરખાસ્ત કરવી, બાલદેવવન માટે બસની વ્યવસ્થા ગોઠવવી. ઑડિટોરિયમનો નવો શેડ તૈયાર કરવા દરખાસ્ત કરવી, સંસ્થા કાર્યકરોના પરિવાર સાથે વર્ષમાં ૨ બેઠકો યોજવી, સંસ્થાનાં ટ્રસ્ટી મંડળની બેઠકોનું આયોજન કરવું.

• **કાર્યકરઃ શ્રી પ્રીતિબહેન ભટ્ટ, વિભાગઃ પુસ્તકાલય**

વાચક સંખ્યા ૪૦૦ સુધી પહોંચાડવી, પ્રતિવર્ષ વાચક સન્માન કાર્યક્રમ યોજવો, વર્ષમાં બે કાવ્ય શિબિર યોજવી, સ્પર્ધાત્મક વિષયો માટે માર્ગદર્શક પુસ્તકો વસાવવા, પુસ્તકાલયના ઉપક્રમે ૧૨ વિશિષ્ટ કાર્યક્રમ યોજવા



• **કાર્યકરઃ શ્રી ગુલાબબા ગોહેલ, વિભાગઃ સીવણ**

શ્રમિક બહેનોને સ્વ-રોજગાર આપવી, સીવણ તાલીમાર્થીઓને વિવિધ ૧૨ તાલીમો સાથે જોડવા, વર્ષમાં ૪ કાર્યક્રમો થકી સીવણ નમૂનાઓનું વેચાણ પ્રદર્શન કરવું, ભૂતપૂર્વ સીવણ તાલીમાર્થીઓ અને સંચાથી લાભાન્વિત બહેનોનું સ્નેહમિલન યોજવું, જરૂરિયાતમંદ બહેનો માટે સવારના સમયે વધુ એક વર્ગ શરૂ કરવો, એમ્બ્રોડરી, ફોલછેડા પ્રકારની કામગીરી માટે મશીન વસાવી તાલીમ કાર્યક્રમો યોજવા.

• **કાર્યકરઃ શ્રી પ્રદીપભાઈ ભટ્ટ, વિભાગઃ એકાઉન્ટ**

સંસ્થાનાં ડેડસ્ટોકનું મંથલી બેકઅપ લેવું, સંસ્થા પ્રોજેક્ટનું યુટિલાઈઝેશન મેળવવું.

• **કાર્યકરઃ શ્રી નિશાબહેન બારૈયા, વિભાગઃ ફિઝિયોથેરાપી-ફિટનેસ**

વર્ષ ૨૦૨૩માં ફિઝિયોથેરાપીનાં ૩ શિબિરો યોજવા, ફિઝિયોથેરાપી ઉપક્રમે બે યોગ શિબિર યોજવી, ન્યુટ્રિશન નિષ્ણાતનાં સલાહ કાર્યક્રમો યોજવા.

• **કાર્યકરઃ શ્રી અનિલભાઈ જોશી, વિભાગઃ દર્દી સાધન સહાય**

ફિઝિયોથેરાપીના સાધનોને જરૂરિયાતમંદો સુધી પહોંચાડવા વ્યવસ્થા ગોઠવવી, લાભાન્વિત થયેલા દર્દીઓની વાત પ્રકાશિત કરવી, દર્દી સાધન વિભાગ માટે જરૂરી સાધન ખરીદીની દરખાસ્ત તૈયાર કરવી. સાધન પરત આપવા આવતા ૨૪ પરિવારો પાસે પ્રતિભાવ લેવા.

• **કાર્યકરઃ શ્રી અંકિતાબહેન ભટ્ટ, વિભાગઃ બાલમંદિર**


જાગૃતવાલી તાલીમનાં મા-બાપને વાંચન સાથે જોડવા, જાગૃતવાલીનું પારિવારિક સ્નેહમિલન યોજવું. શહેર-તાલુકાના ઉત્તમ ૬ બાલમંદિરની મુલાકાત લેવી નોંધ રાખવી, વર્ષ દરમિયાન ૧૨ વાલીઓની મુલાકાત લઈ નોંધ તૈયાર કરવી, બાળ શિક્ષણ આનુષંગિક ૬ પુસ્તકો વાંચી નોંધ તૈયાર કરવી.

• **કાર્યકરઃ શ્રી ઉષાબહેન રાઠોડ, વિભાગઃ બાલમંદિર**

વર્ષ ૨૦૨૨-૨૩માં બાલમંદિરના ત્રણ વર્ગમાં ૧૦૦ બાળકોની સંખ્યા કરવી.

• **કાર્યકરઃ શ્રી દિલીપભાઈ પાઠક, શ્રી નિકુલભાઈ મહેતા, વિભાગઃ પ્રોજેક્ટ**

CSR અંતર્ગત અદાણી ઈન્ડસ્ટ્રીઝ સાથે પોષક આહાર આપવા, મેડિકલ વેન માટે નવા સાધનો વસાવવા, નેત્રયજ્ઞના દર્દી માટે વાહન વસાવવા, સંસ્થાનાં ઓડિટોરિયમને સુવિધાજનક કરવા, સંસ્થામાં ૨૫ તાલીમાર્થીઓ માટે નિવાસ તૈયાર કરવા દરખાસ્ત કરવી.




• **કાર્યકરઃ શ્રી અનિલભાઈ બોરીચા, વિભાગઃ સંકલન**
સંસ્થા પ્રવૃત્તિની નોંધ અને ફેસબુક ઉપરની વિગતો અંગ્રેજીમાં પ્રકાશિત કરવી. સંસ્થાનાં શુભેચ્છકો સાથે સંપર્ક વધારવો. સંસ્થાની પ્રવૃત્તિઓ યુટયુબ ઉપર મૂકવી. સંસ્થા સામયિક માટે ૧૨ જાહેરાતો માટે સંપર્ક કરવો, સંસ્થાના પ્રોજેક્ટ માટે જરૂરી સંકલન કરવું.

• **કાર્યકરઃ શ્રી રાજુભાઈ મકવાણા વિભાગઃ બાલદેવવન અને ક્રીડાંગણ**
સંસ્થામા નિવાસી કાર્યકરોની માસમાં એક બેઠક કરવી, સંસ્થા મેદાનને રિનોવેટ કરવા.

• **કાર્યકરઃ શ્રી કમલેશભાઈ વેગડ, વિભાગઃ જીવન શિક્ષણ તાલીમ**
વર્ષ દરમિયાન ૫૦ની સંખ્યામાં બે અભ્યાસવર્ગ યોજી જીવન શિક્ષણ પ્રવૃત્તિને વધુ સઘન કરવી. વર્ષ ૨૦૨૩માં ૯ વિદ્યાર્થીઓને રાજ્યપાલ પુરસ્કાર માટે તૈયાર કરવા, ક્રીડાંગણમાંનાં ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓના વાલીઓ સાથે સંપર્કમાં રહી તેમના શૈક્ષણિક કાર્યમાં મદદરૂપ થવું.

• **કાર્યકરઃ શ્રી દીપાબહેન જોશી, વિભાગઃ આરોગ્યલક્ષી પ્રવૃત્તિ**
હીમોગ્લોબિન તપાસ કાર્યક્રમ અંતર્ગત પોષક આહાર અંગે માર્ગદર્શન શિબિર યોજવી. ભાલ અને ઘોઘા વિસ્તારમાં આરોગ્ય શિબિર સાથે સ્વાસ્થ્ય જાળવણીના સાહિત્યનું વિતરણ કરવું. શિશુવિહાર સંસ્થામાં ૫૪ દૃષ્ટિ ચકાસણી કાર્યક્રમો યોજવા, સંસ્થા કાર્યાલયમાં સ્વચ્છતા- વ્યવસ્થા જાળવવી.

• **કાર્યકરઃ શ્રી પંકજભાઈ ચૌહાણ, વિભાગઃ કાર્યક્રમ સંકલન**
જૂની તસવીરોનું દસ્તાવેજીકરણ પ્રકાશિત કરવું, સંસ્થાનાં કાર્યક્રમો ઓનલાઈન કરવા, સંસ્થાનાં તમામ કાર્યક્રમોનાં સોશિયલ ફલાયર તૈયાર કરવા, સંસ્થા માટે બેનર તૈયાર કરવા.



• **કાર્યકરઃ શ્રી મનિષા કણબી, વિભાગઃ સામયિક સંકલન**
સંસ્થા સામાયિકના વાચકોની ઈ-ડીરેકટરી તૈયાર કરવી, સંસ્થા મેગેઝિન ૫૦૦૦ વાચકો સુધી વિસ્તારવી.

• **કાર્યકરઃ શ્રી દક્ષાબહેન ગોહેલ, વિભાગઃ પ્રકાશન-મનોરંજન**
‘શિશુવિહારના સેવાકર્મીઓ’ નામે પુસ્તક પ્રકાશિત કરવું. શહેરની શાળાઓમાં મનોરંજન સુવિધા અંગેની માહિતી પહોંચાડવી. સંસ્થા સામયિક ૫૦૦૦ વાચકો સુધી વિસ્તારવું.

## નૂતનવર્ષ તથા શિશુવિહાર સંસ્થાના સ્થાપના દિવસે પરિવાર સ્નેહમિલન




વિક્રમ સંવત ૨૦૭૯નો પ્રારંભ તથા શિશુવિહાર સંસ્થાના સ્થાપનાનાં ૮૪મા વર્ષ પ્રારંભે પ્રાંગણમાં સ્નેહમિલન યોજાયું. સંસ્થાના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ દવેની ઉપસ્થિતિમાં મળેલ નૂતનવર્ષ સ્નેહમિલનમાં



શ્રી જયેશભાઈ દવે તથા ડૉ.અરવિંદભાઈ ત્રિવેદીએ પરિવારજનોને નવાવર્ષની શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમના પ્રારંભે શ્રી ઈન્દ્રાબહેન તથા શ્રી જયરાજભાઈના પ્રાર્થનાગીતથી પ્રારંભાયેલ સ્નેહમિલન પ્રસંગે સંસ્થા પરિવારના સ્નેહીજનોએ પરસ્પરને શુભકામના પાઠવી મોં મીઠું કર્યું હતું અને વડીલોના આશીર્વાદ મેળવ્યાં હતા.

## CSR અંતર્ગત
## વાઘ બકરી ફાઉન્ડેશન, અમદાવાદનાં સૌજન્યથી
## પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક સારવાર-આપત્તિ નિવારણ તાલીમ

| શિબિર ક્રમાંક | ઑક્ટોબર તારીખ | શાળાનું નામ | તાલીમાર્થી સંખ્યા |
|---|---|---|---|
| ૨૧૪ (૨૧) | ૧૮ | શ્રી બી.એન.વીરાણી | ૩૨૫ |
| ૨૧૫ (૨૨) | ૧૯ | શ્રી બી.એન.વીરાણી | ૩૧૦ |
| ૨૧૬ (૨૩) | ૨૧ | શ્રી પ્રણવ બક્ષી વિનય મંદિર | ૦૭૦ |
| | | કુલ | ૭૦૫ |





## બાળ શિક્ષણ
### શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરઃ



ઑક્ટોબર માસમાં શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરમાં બાળકોની સરેરાશ સંખ્યા ૫૫ રહી હતી. માસ દરમિયાન બાળકોને ઈંદની ઉજવણી, દિવાળી ઉત્સવ તથા શાંતિની રમત સાથે સાંકળવામાં આવ્યા હતા. માસમાં વિવિધ શાકભાજીનું પ્રદર્શન યોજવામાં આવેલ.

દાતા સર્વ શ્રી ગિરધરલાલ નરસિંહદાસ ઠકરાર, રાજ કક્કા, દેવાંગભાઈ શાહ, શિવાંગીબહેન, જશુબહેન જાની, ચિરંતનભાઈ વોરા, હસમુખભાઈ સરવૈયા, કલાબહેન શાહ, સુશિલાબહેન શાહ દ્વારા બાળકોને ભોજન આપવામાં આવેલ. ઉપરાંત ૯ દાતાઓ દ્વારા પોષક આહાર પીરસવામાં આવેલ.

માસ દરમિયાન ૧૦ બાળકોનો જન્મદિવસ વાલીઓની ઉપસ્થિતિમાં ઉજવવામાં આવેલ.

૭૯મા અનુભવ તાલીમવર્ગ અંતર્ગત પાંચ બહેનોએ શ્રી પ્રીતિબહેન ભટ્ટનાં માર્ગદર્શન હેઠળ હસ્ત ઉદ્યોગ તાલીમમાં મીણિયા દોરા વડે ચિત્રકામ, સ્પ્રે વર્ક, તેલબ્રી, લાયબ્રી પ્રકારે તાલીમ મેળવી હતી.

સંચાલકઃ શ્રી ઉષાબહેન રાઠોડ, શ્રી અંકિતાબહેન ભટ્ટ

## આરોગ્ય
### ૪૫૧ તથા ૪૫૨મો પ્રભુકૃપા નેત્રયજ્ઞઃ






શ્રી જસકોરબહેન ન્યાલચંદભાઈ વકીલની સ્મૃતિમાં શ્રી મંજુબહેન નિર્મળભાઈ વકીલ પરિવાર તથા શ્રી ભરતભાઈ વકીલના સૌજન્યથી ડૉ. મનિષભાઈ વકીલની ઉપસ્થિતિમાં શિશુવિહાર સંસ્થામાં ૪૫૦ (એ)મો તેમજ દિલ્હી સ્થિત શ્રી હિંમતભાઈ ઠક્કરના સૌજન્યથી ૪૫૦ (બી)મો નેત્રયજ્ઞ તારીખ ૨૮ ઑક્ટોબરે શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો.

ગુજરાત અંધત્વ નિયંત્રણ સોસાયટી તથા શિવાનંદ આઈ હૉસ્પિટલનાં સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૮૦ દર્દીઓની આંખ





તપાસ વીરનગરના ડૉ. શુભમભાઈ નામદેવ સાહેબની ટીમ દ્વારા કરવામાં આવી. લાભાન્વિત દરદીઓને શિશુવિહાર પરિસરમાં ‘ડૉ. મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા’ ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો અને બપોરે ભોજન બાદ કેટ્રેક્ટ સર્જરી માટે ૧૫ દરદીઓને એટેન્ડન્ટ સાથે ખાસ બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા.

‘દરદી દેવો ભવ:’ની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાનાં તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

સંચાલક: શ્રી દીપાબહેન જોશી

## વયસ્કો માટે ૩૩૩મી દૃષ્ટિચકાસણી શિબિર:




સ્વ. શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી શિશુવિહાર ફિઝિયોથેરાપી સેન્ટરમાં ક્રમાક ૩૩૩ અન્વયે ૪ રવિવાર દરમિયાન ૧૧૪ વયસ્કોને આંખ તપાસ બાદ ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સંચાલક: શ્રી દીપાબહેન જોશી

## ફિઝિયોથૅરાપી તથા ફિટનેસ સેન્ટર:



શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથૅરાપી સેન્ટરમાં સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ તથા સાંજના ૪:૩૦થી ૭ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાઓની સારવાર આપવામાં આવે છે. ડૉ. ધારિણીબહેન ઠક્કર તથા ડૉ. જાહ્નવીબહેનનાં કન્સલ્ટેશન હેઠળ ઑક્ટોબર માસમાં ૩૬૦ દરદીઓએ સારવાર લીધી હતી, તેમ જ ફિટનેસ સેન્ટરમાં ૭ બહેનો તથા ૧૧ ભાઈઓ જોડાયા હતા.

સંચાલક: શ્રી નિશાબહેન બારૈયા

## સંગીત વર્ગ:

ઑક્ટોબર માસ દરમિયાન સંસ્થા સંગીત વર્ગમાં ૩ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક:શ્રી દેવુભાઈ મહેતા



## શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર:




ઑગસ્ટ માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવાર થી શુક્રવાર સાંજના ૪ થી ૬ દરમિયાન ઍલોપૅથીની સારવારનો લાભ ૬૭૮ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દરદીઓને નિ:શુલ્ક દવા આપવામાં આવેલ.

સંચાલક: ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

## જીવન શિક્ષણ તાલીમ::

ભાવનગરના સેવાભાવી યુવક મિત્રો દ્વારા શહેરના પ્રભુદાસ તળાવ તથા સુભાષનગર વિસ્તારની ઝૂંપડપટ્ટીના ૨૨ બાળકો માટે અ-વૈધિક તાલીમ આપવામાં આવે છે. મહિનાના ૨૨ દિવસ સાંજના ૬:૦૦ થી ૭:૩૦ દરમિયાન શિશુવિહાર પ્રાંગણમાં ગરીબ બાળકોને નાસ્તો, ગણન-વાંચન, ક્રાફ્ટ અને રમત-ગમત પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવે છે. ડ્રોપ નામની સંસ્થા થકી આ સેવાભાવી યુવકો એકલવાયું જીવન વ્યતિત કરતાં વડીલોને રાશનકીટ પહોંચાડી રહ્યાં છે.

## હસ્ત ઉદ્યોગ કાર્યશાળા:

બાળકો તેનાં શારીરિક વિકાસ સાથે સર્જનશીલતાનો આનંદ લઈ શકે તે માટે શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ કેન્દ્રમાં



પ્રત્યેક શનિવારે સાંજે ૫ થી ૬ દરમિયાન વિદ્યાર્થીઓને જીવનશિક્ષણ તાલીમ આપવામાં આવે છે.સપ્ટેમ્બર માસમાં પ્રવૃત્તિ ક્રમાંક ૧૫૦ થી ૧૫૨માં ફૂલ-પાનના તોરણ, ગ્રીટિંગ્સ કાર્ડ અને રંગોળી બનાવવાની તાલીમ આપવામાં આવી. જેમાં ૧૩૦ સ્કાઉટે ભાગ લીધો હતો.

તાલીમી સંચાલક :શ્રી પ્રીતિબહેન ભટ્ટ

## જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

### ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ





ઑક્ટોબર માસમાં સાંજના ૫:૩૦ થી ૭:૩૦ દરમિયાન ક્રીડાંગણમાં નિયમિત રીતે આવતાં તાલીમાર્થીઓની સંખ્યા ૪૫ રહી હતી. માસ દરમિયાન ગુલામતાળી, અંગ્રેજી આંઠડો અને ડંબેલ્સ ચોર પ્રકારે સામુહિક રમતો રમાડવામાં આવી હતી.

સાંય પ્રાર્થના સમયે બાળકોએ ટુકડીમાં રહી પ્રાર્થના ધૂન, સમૂહગીત, હર્ષનાદો કર્યા હતા. તેમજ પાર્થ, રામ, નકુલ, કરણ, અભિષેકનો જન્મદિવસ ઉજવવામાં આવેલ. સંસ્થાનાં કાર્યકર ડૉ. અરવિંદભાઈ ત્રિવેદી, રાજુભાઈ મકવાણા અને દયાબહેન ચૌહાણનો જન્મદિવસ પણ પ્રસાદ-સ્મૃતિ ભેટ સાથે ઉજવાયા હતા.

માસ દરમિયાન શ્રી માલવના જન્મદિવસ નિમિતે બાળકોને પોષક આહાર આપવામાં આવ્યો.

દિવાળી તહેવાર નિમિતે બાળકો માટે ફટાકડા ફોડવાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૪૫ બાળકોને સંસ્થા પ્રાંગણમાં ફટાકડા ફોડી દિવાળી તહેવારની મજા માણી હતી. તેમજ સ્કાઉટ માસ્ટર શ્રી હરેશભાઈએ ફાયર સેફ્ટી વિશે બાળકો તથા કાર્યકરોને માર્ગદર્શન આપ્યું હતું.

સ્કાઉટના તાલીમાર્થીઓએ રચનાત્મક રંગોળી કરી નવા વર્ષનું આગમન કરવામાં આવ્યું. જેમાં સંસ્થાનાં ટ્રસ્ટી શ્રી ઈન્દાબહેન ભટ્ટ દ્વારા રંગોળી વિશે માર્ગદર્શન આપેલ. સંચાલક: શ્રી કમલેશભાઈ વેગડ



## મહિલા ઉત્કર્ષ અને વ્યાવસાયિક તાલીમ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત

### જ્યોતિમંડળ મહિલા સીવણ તાલીમ:

ઑક્ટોબર માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૧૩ રહી હતી. જેમાં તાલીમાર્થી બહેનોને સાડીના ફોલ-છેડા કરાવવાની તાલીમ આપવામાં આવી હતી. સંચાલક: શ્રી ગુલાબબા ગોહિલ

### કમ્પ્યૂટર શિક્ષણ તાલીમ વર્ગ:





શિશુવિહાર સંસ્થામાં સ્વ.કાળીદાસભાઈ વળિયા પરિવારની સહાયથી ચાલતા કમ્પ્યૂટર શિક્ષણ તાલીમ વર્ગ અંતર્ગત કમ્પ્યૂટર બેઝિક કોર્સમાં અનુભવ વર્ગની પાંચ બહેનો શિક્ષણ મેળવી રહ્યાં છે. તેમજ ઑગસ્ટ થી ઑક્ટોબર દરમિયાન ધોરણ ૧૦-૧૨ના ૧૫ વિદ્યાર્થીઓને કમ્પ્યૂટર સી.સી.સી. તાલીમ આપવામાં આવેલ. તાલીમના સમાપન સમયે વિદ્યાર્થીઓની પરીક્ષા દ્વારા મૂલ્યાંકન કરી પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સંચાલક :શ્રી કમલેશભાઈ વેગડ

### દિવ્યજીવન:

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસનાં પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. ઑક્ટોબર માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. - શ્રી ઈન્દાબહેન ભટ્ટ

### મનોરંજન:

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ૭ વિવિધ પ્રકારોમાં ૮૪ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦ થી ૭:૩૦ દરમિયાન મળી શકે છે. ઑક્ટોબર માસ દરમિયાન ૧૦ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ

## સ્વ-રોજગાર સહાય

### સ્વ-રોજગાર:

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત બે શ્રમિક બહેનો દ્વારા ઑક્ટોબર માસમાં ૫૪૦ કાપડની થેલી તૈયાર થતાં રૂ.૨૧૬૦/-ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા **અત્યાર સુધીમાં ૭૯,૬૨૭ કાપડની થેલીઓ** જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાં આવી છે.

સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ

### તાલીમઃ

પ્રા. ડૉ. નેહલભાઈ ત્રિવેદીના માર્ગદર્શનમાં શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૨૨ ઑક્ટોબર યોજાયેલ, જેમાં માસ દરમિયાનના નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનું મૂલ્યાંકન તેમ જ નવેમ્બર માસના સંસ્થાગત કાર્યો અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી. સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ

### માંદગી સાધનસહાય:

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. ઑક્ટોબર માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૫૩ દર્દીઓએ લાભ લીધો હતો.

સંચાલક: શ્રી અનિલભાઈ જોશી

### આરોગ્યવર્ધક ઔષધિ પીણું:

શ્રી નિશીથભાઈ મહેતાના સહકારથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. યુઝ ઍન્ડ થ્રો કપમાં આપવામાં આવતાં અને શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ ૧૧૨૫ નાગરિકોએ લીધેલો.

- સંચાલક: શ્રી નરસિંહભાઈ મકવાણા

### બાલદેવ વન:

સપ્ટેમ્બર માસ દરમિયાન શ્રી તદ્રૂપાનંદ બાલદેવવન તથા ઍક્સેલ ક્રોપ કેર લિ. પ્રેરિત 'નૉલેજ પાર્ક'માં ૧૦૮ બાળકો પોતાના વાલી સાથે રમવા આવ્યાં હતાં. ઑક્ટોબર માસ દરમિયાન મદ્રેસા એ. ઈબ્રાહીમ શાળાના ૪૯, શ્રી સહજાનંદ પ્રાયમરી સ્કૂલના ૫૯ તેમ ૧૦૮ બાળકોએ મુક્ત મને રમી આનંદ માણ્યો હતો. બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી'બાળ આરોગ્ય સૂત્ર'પુસ્તિકા ભેટ આપવામાં આવેલ. સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ



## સંસ્કાર સાહિત્ય પ્રકાશન

### શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર

સંયોજન: રાજા રામમોહન રૉય ફાઉન્ડેશન

ઑક્ટોબર માસમાં ૧૫ વાચક સભ્યોએ ૩૦ પુસ્તકો વાચ્યાં હતાં.

**સંસ્થા પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળેલાં પુસ્તકો, જેનો સાભાર સ્વીકાર છે.**

ગુજરાતી પ્રતિનિધિ વિજ્ઞાન કથાઓ, વિશ્વ મહિલા અંતરિક્ષ યાત્રીઓ, પાયો અને શિક્ષણ અંગેના લેખો પૂનઃ રચના, બોલા ચતુર સુજાણ, હું બાળ સાહિત્ય કેમ લખુ છું, અન્ય ૭૨ પુસ્તક (શ્રી રવીન્દ્રભાઈ અંધારિયા), મેઘાણી વંદના -૧૮ પુસ્તક (શ્રી પ્રવીણભાઈ ઠક્કર), ઊર્મિઓ ઢળી અક્ષરે, વણઝાર ક્યાં જતી હશે, માતા-પિતાને હુ નમુ, જલકમલવત, ના હસો તો ઈટ્ટાકિટ્ટા (શ્રી પ્રદ્યુમ્નભાઈ વોરા), આજનું ચિંતન, સ્પંદન, લાલ આગિયા, વાલી સંવાદ, બાળકો પ્રત્યે મા-બાપની ફરજ, અન્ય ૧૦૮ પુસ્તક (શ્રી કુમુદબહેન ઝવેરી)

શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલયના ઉપક્રમે ૨૧ ઑક્ટોબરે ક્રીડાંગણ તાલીમાર્થીની સુલેખન સ્પર્ધા યોજાઈ. જેમાં ઉત્તમ દેખાવ કરનાર ૩ બાળકોને પુરસ્કૃત કરવામાં આવ્યા. સ્પર્ધામાં ૪૫ તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સંચાલક: શ્રી પ્રીતિબહેન ભટ્ટ

### બુધસભા:

૧૯૮૦થી અવિરતપણે ચાલતી બુધસભાની ૨૨૦૩ બેઠક તા.૫ ઑક્ટોબરે યોજાયેલ. શ્રી જિજ્ઞાબહેન ત્રિવેદીના સંચાલનમાં ૭ કવિ-કવયિત્રીઓએ સ્વરચનાનું પઠન કરેલ. માસના બીજા બુધવારે શ્રી



હર્ષાબહેન ચૌહાણના સંચાલનમાં ૧૫ કવિ-કવયિત્રીઓએ સ્વરચનાનું પઠન કરેલ. તેમજ માસના ત્રીજા અને ચોથા બુધવારે શ્રી નેહાબહેન પુરોહિત અને જયેશભાઈ ભટ્ટના સંચાલન દરમિયાન ૨૪ કવયિત્રીઓએ સ્વરચનાનું પઠન કરેલ. માસની ૨૨૦૬મી અને અંતિમ બેઠકમાં કાવ્ય આસ્વાદ અંતર્ગત શ્રી દાન વાઘેલાએ કવિ શ્રી પ્રવીણ પોંદાના 'ચાંદ' કાવ્ય સૃષ્ટિ વિશે આસ્વાદ કરાવેલ.

સંચાલક: શ્રી દીપાબહેન જોશી

## પ્રચાર-પ્રસાર



### ઑક્ટોબર માસમાં પંચવર્ષીય લવાજમ રૂ.૨૫૦/-ભરી સભ્ય થનાર મિત્ર

શ્રી પ્રવીણાબહેન શાહ-ભાવનગર, શ્રી ગિરીશભાઈ રાજ્યગુરુ-ભાવનગર, પ્રા. શ્રી પી.એમ. ભુપતાણી

સંચાલક: શ્રી દક્ષાબહેન ગોહેલ

### અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની સપ્ટેમ્બર માસમાં ૧૭૫ તથા ઑક્ટોબર માસમાં ૧૪૦ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૫ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

ઑક્ટોબર માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા ૧૧૦૦ અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૪૯૬ રહી હતી.

સંચાલક: શ્રી અનિલભાઈ બોરીચા

### • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય •
### સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે

### • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 1,00,000.00 | શ્રી ઉર આશા ઝવેરી ફાઉન્ડેશન ટ્રસ્ટ | બાલદેવવન સહાય |
| 51,000.00 | શ્રી ભરતભાઈ ન્યાલચંદભાઈ વકીલ | વૃદ્ધજન સન્માન |
| 51,000.00 | શ્રી મંજુલાબહેન નિર્મળભાઈ વકીલ | વૃદ્ધજન સન્માન |
| 30,000.00 | શ્રી કિરીટકુમાર મનસુખલાલ આચાર્ય | નેત્રયજ્ઞ |
| 20,000.00 | શ્રી શબનમબહેન કુતુબભાઈ કપાસી | નેત્રયજ્ઞ |
| 14,000.00 | શ્રી કિર્તન અને હરેશભાઈ ભટ્ટ | સર્વાંગી (આપત્તિ નિવારણ) |
| 11,000.00 | શ્રી રાજીવ હર્ષદરાય મહેતા | સ્ત્રીશક્તિકરણ સહાય |
| 11,000.00 | શ્રી સરલાબહેન હરિભાઈ કોઠારી | પ્રકાશન સહાય |
| 9,000.00 | શ્રી પ્રકાશભાઈ નારણદાસ મજીઠિયા | શૈક્ષણિક સહાય |
| 7,500.00 | શ્રી યશુબહેન હરદેવસિંહ ગોહિલ | શૈક્ષણિક સહાય |
| 7,000.00 | શ્રી યશુબહેન હરદેવસિંહ ગોહિલ | બાલમંદિર નાસ્તો |
| 5,000.00 | શ્રી દેવેશભાઈ જોષીપુરા | શૈક્ષણિક સહાય |
| 5,000.00 | શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ | દૃષ્ટિ ચકાસણી સહાય |
| 5,000.00 | શ્રી મિહિરભાઈ ઓઝા | દૃષ્ટિ ચકાસણી સહાય |
| 4,800.00 | શ્રી જગદીશભાઈ આઈ. ભટ્ટ | પોષક આહાર |
| 3,000.00 | શ્રી નીશિથભાઈ મનસુખભાઈ સલ્લા | શૈક્ષણિક સહાય |
| 3,000.00 | શ્રી મનસુખલાલ મોહનલાલ સલ્લા | શૈક્ષણિક સહાય |
| 3,000.00 | શ્રી નિરવભાઈ શાહ | શૈક્ષણિક સહાય |
| 3,000.00 | શ્રી તેજસ ગિરીશભાઈ ઓઝા | મેડિકલ સહાય |



## શુભેચ્છકો લખે છે

**•શ્રી સીતારામભાઈ એમ. અગ્રાવત(ઍકસેલ ઈન્ડસ્ટ્રિઝ, ભાવનગર)**

આજે શિક્ષણની સફળતા ધંધાદારી અને માન-સન્માન ખરીદતા લોકોના હાથમાં જતી રહી છે તે કરુણતા છે. ભાવનગરથી નાનાભાઈ, ગિજુભાઈ, હરભાઈ, માનભાઈ, મનુભાઈ પંચોળી તેમ અનેકોએ શિક્ષણને લોકકલ્યાણ માટેનું સાધન માન્યું. એટલું જ નહીં, પણ શિશુવિહાર પ્રકારે સંસ્થાનું વૃક્ષ વાવી તેને ખોબે-ખોબે પાણી પાયુ છે. સમાજનો બદલાવ આવા જાત ઘસી નાખનારથી આવે છે. ધંધાર્થી શિક્ષણકારોથી નહીં.

**• શ્રી સંજયભાઈ તલસાણિયા (સંચાલક-સંસ્કાર કેન્દ્ર, ફૂલસર)**

ભાવનગરની ઓળખ એટલે શિશુવિહાર. આપની આ સંસ્થા બાળ કેળવણી જ નહી, પરંતુ મહિલા સશક્તિકરણ કરતી, હસ્તઉદ્યોગ વિકસાવતી, તબીબી સારવાર પૂરું પાડતી બિનસાંપ્રદાયિકતા વિકસાવતી, પર્યાવરણ, પ્રકૃતિનું જતન અને સંવર્ધન કરતી-કરાવતી યુવા જાગૃતતા અને ચેતના જગાવતી, તેમજ અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલી ભાવનગરની જિલ્લાને જ નહિ, પરંતુ ગુજરાતને પ્રેરિત કરે છે એ સમગ્ર ભાવનગરવાસી માટે ગૌરવની બાબત છે.

**• શ્રી યશોમતીબહેન અનંતરાય પટ્ટાણી-ભાવનગર, બાવીશી આઈ. હૉસ્પિટલ-ભાવનગર, શ્રી નિવાસી અંધ વિદ્યાલય તથા શ્રીમતી આર.એમ. ઝવેરી લોકવિદ્યાલય- થોરડી, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ-જામનગર, ડૉ. ઝવેરીલાલ પી. ચાવડા-રાજકોટ, શ્રી સિસ્ટર નિવેદિતા સંકુલ-રાજકોટ, ભાવનગર મહાનગરપાલિકા-ભાવનગર**

શિશુવિહારના ૮૪માં સ્થાપના દિન તેમજ નૂતનવર્ષ પ્રસંગે અમારી શુભકામનાઓ. સંસ્થા દ્વારા અનેકવિધ સેવાકાર્ય થકી ભાવનગરના લાખો લોકોનું જતન થાય છે તે આનંદદાય અને પ્રેરણાદાયી છે.

### સાભાર સ્વીકાર

શ્રી સુચિતાબહેન કપુર તરફથી ૨૦ નંગ બર્ડ ફિડર સંસ્થાને ભેટ મળેલ છે. સંસ્થા દાતાશ્રીનો આભાર માને છે.

## શ્રદ્ધાંજલિ

### સ્વ. અનિલભાઈ શ્રીધરાણી



૧૯૩૧-૨૦૨૨

ભાવનગરની અનેકવિધ સામાજિક સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિમાં જીવનભર યોગદાન આપનાર શ્રી અનિલભાઈ શ્રીધરાણી હવે આપણા વચ્ચે નથી. ભાવનગર શહેરના જાગૃત નાગરિક તરીકે રેડક્રોસ, સેન્ટ જ્હોન એમ્બ્યુલન્સ એસોસિએશન અને ફેમિલી પ્લાનિંગ જેવી પાયાની પ્રવૃત્તિના સ્થાપક ટ્રસ્ટીશ્રી અનિલભાઈ શિશુવિહાર સંસ્થાના આજીવન ટ્રસ્ટી અને માર્ગદર્શક રહ્યા. એક સારા વાચક, વિચારક અને માનવતા સભર વ્યક્તિત્વ ધરાવતા શ્રી અનિલભાઈએ સ્વર્ગવાસ બાદ પણ દેહદાન માટે સંકલ્પ કરી, બીજાના ખપમાં આવીને રાજી થવાની ઉદારતા નિભાવી જાણી. ઈશ્વર સદ્ગત આત્માને ચીર શાંતિ આપે તેવી પ્રાર્થના.

### પદ્મભૂષણ શ્રી ઈલાબહેન ભટ્ટ

સેવા સંસ્થાના માધ્યમથી વિશ્વભરમાં સ્ત્રીસશકિતકરણનો મહિમા ઉજાગર કરનાર 'હેમન મેગ્સેસે એવોર્ડ' વિજેતા શ્રી ઈલાબહેન ભટ્ટ હવે આપણાં વચ્ચે નથી. ગુજરાત વિદ્યાપીઠનાં માર્ગદર્શક અને ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓ માટે રાહબર શ્રી ઈલાબહેન ભટ્ટની ચિર શાંતિ માટે શિશુવિહાર સંસ્થા પરિવાર પ્રાર્થના કરે છે.



૧૯૩૩-૨૦૨૨





## સ્વરાજયની શાળા શિશુવિહાર

### વર્ષ ૧૯૯૦માં પ્રકાશિત શિશુવિહાર સામયિકોનો સાર (એક દસ્તાવેજ) ભાગ-૩




**મે**

• **વેકેશનના વર્ગો:** મે વેકેશનને અનુલક્ષીનેસંસ્થા તરફથી નીચેના વર્ગોનું આયોજન કરવામાં આવેલ : (૧)ઈલેક્ટ્રીકના વ્યવહારૂ સામાન્ય જ્ઞાનના વર્ગો. (૨) ૨ થી ૧૪ વરસનાં બાળકો માટે ચિત્રકલાનો વર્ગ. (૩) શ્રેણી સાતથી ઉપરના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો માટે શ્રી ચંદુભાઈનો અંગ્રેજી ગ્રામરનો વર્ગ (૪) બાળકો માટે શ્રી ઈન્દાબેન ભટ્ટનો કાગળના રમકડાં બનાવવાનો વર્ગ (૫) સંગીત વર્ગના સંચાલક શ્રી દર્શનભાઈ ઓઝાનો બાળગીતોનો વર્ગ (૬) નાનાં ભૂલકાઓની બાલવાડી

• **ભાવનગર વૃદ્ધાશ્રમ ટ્રસ્ટ:**જિંદગી લંબાવવાનો ઉપાય:લેખક: સ્વ. સર પ્રભાશંકર પટ્ટણી: બધી ઉપાધી છોડીને હવે તો મનની પરમ શાંતિથી ઈશ્વર ભજન કરવામાં દિવસો ગાળવાની ઈચ્છા ઉત્તમ છે, પણ એ વિચાર આખી જિંદગીના કાર્યોમાં ઓતપ્રોત થઈ મનમાં રહ્યો ન હોય તો અશકત થયા પછી તેનો અમલ કરવો મુશ્કેલ છે. અશકત થયા પછી જેમ બીજા કામો થઈ શકતા નથી તેમ માનસિક કામો પણ થઈ શકતાં નથી. માત્ર મનમાં રહે છે, પણ અશકત મન અને શરીર તેને ક્રિયામાં મૂકી શકતાં નથી.

અશકત થયા પછી મનને જરા પણ આઘાત લાગે એ જીવન દોરી કાપવાના કુહાડા જેવું કામ કરે છે. આ સ્વાનુભવનાં વાક્યો છે. દુ:ખ વિચારથી અટકાવી શકાતું નથી આવે તો અથવા કોઈ કચવાટ કરાવે તો સહન જ કરવું પડે એવું શરીર અને મન થઈ જાય છે એ 'સહન' કરવું એ આ ઉમરે સહજ ધર્મ પ્રાપ્ત થાય છે. માત્ર એવુ દુ:ખ ન થાય એમ આસપાસના સ્નેહીઓ અને મહાભૂતો વરતે એજ દુ:ખ ન થવાનો રસ્તો છે. મનની પરમ શાંતિ, સ્વતંત્ર વિચારની છૂટ અને ઈચ્છાની સફળતા એ જ વૃદ્ધ વયે જિંદગી લંબાવવાનો ઉપાય છે.

## જૂન

• **સ્વાધીનતા : બાલ શિક્ષણનો પાયોઃ** ખરી વાત એમ છે કે જેને બીજાની ચાકરીની જરૂર પડે છે તેની સ્વાધીનતા ઘટે છે. ''હું સ્વાવલંબી રહીશ. મારે બીજાની ચાકરી લેવી નથી'' એ વિચાર ભવિષ્યના માનવીની હસ્તીનો આધારસ્થંભ બનશે. મનુષ્યને આત્માનું સ્વરાજ્ય મળે તે પહેલાં આ વિચાર તેણે સિદ્ધ કરવો પડશે. માત્ર સ્વાધીન મનુષ્ય જ સ્વરાજ્ય ભોગવી શકે છે. સ્વાધીન મનુષ્ય માટે જ સ્વરાજ્ય છે. જે બીજાને પરાધીન રાખી પોતે પણ પરાધીન રહે છે તે કદી પણ સાચું સ્વરાજ્ય નહીં ભોગવી શકે. સ્વાધીનતાને માર્ગે આગળ વધવામાં જે કેળવણી બાળકોને સહાયરૂપ બને તેજ કેળવણી પ્રાણવાન છે. - માનશંકર ભટ્ટ

આ પત્રિકા ખૂબ ચોકસાઈ પૂર્વક પોસ્ટ કરાય છે. તેમ છતા પત્રિકા નથી મળતી એવી ફરીયાદ આવે છે. પત્રિકા દર માસની ૨૦મી તારીખે રવાના થાય છે. તેથી આખર તારીખ સુધીમાં ન મળે તો પોસ્ટકાર્ડ લખવા વિનંતી છે. સ્ટોકમાં હશે તો ફરી મોકલીશું.

• FROM SCOUT HUT: અમદાવાદ મુકામે રાજ્ય પુરસ્કાર ટ્રેનિંગ કેમ્પ યોજવામાં આવેલ. જેમા શિશુવિહારથી ૧૯ સ્કાઉટ-ગાઈડ ભાગ લેવા ગયેલ. આ તમામ સ્કાઉટ-ગાઈડ બહુ સારી રીતે પ્રથમ પ્રયત્ને જ રાજ્ય પુરસ્કાર ટેસ્ટ પ્રાપ્ત કરી પરત આવેલ છે. આ સ્કાઉટ-ગાઈડ સાથે તેમના લીડર તરીકે શ્રી મેહુલભાઈ મકદાણી તથા શ્રી કોમલબેન ભટ્ટ અને સ્કાઉટ માસ્ટર તરીકે શ્રી રૂપેશભાઈ મણિયાર ગયેલ. આ તમામ સ્કાઉટ-ગાઈડનેઅભિનંદન.

• **ભારત સ્કા.-ગા. સંઘ** દ્વારા તા. ૨૨-૫ થી તા. ૨૯-૫ સુધી પંચમઢી (મધ્યપ્રદેશ) મુકામે રોવર રેન્જર સમાગમ યોજાયો. આ સમાગમમાં ભાગ લેવા ભાવનગર જિલ્લાના ચાર રોવર્સ શ્રી અમુલ રાવળ, શ્રી મેહુલ મકદાણી, શ્રી કૃતાર્થ મહેતા, શ્રી જનક જોષીએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. પંચમઢીના સૌદર્યનું અને સ્કાઉટ તાલીમનું પ્રત્યક્ષ સ્વાનુભવે જ્ઞાન માણેલ.

અકાળે વૃદ્ધત્વઃ કદી પણ એમ ધારશો નહિ કે તમારી વય અધિક થઈ હોય એટલા માટે તમારે વિકાસ પામતા, પ્રગતિ કરતા બંધ થવું જોઈએ. જો તમે આવો વિચાર કરતા રહેશો તો તમે શીઘ્ર વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત કરશો. તમે તરુણ જ છો એ વિચારીને કદી પણ તિલાંજલિ આપશો નહિ. કદી પણ એમ કહેશો નહિ કે અમુક તમુક કાર્ય તમે એક સમયે કરી શકતા હતા, તેવી રીતે હાલ કરી શકતા નથી. તારુણ્યમય જીવન ગાળો. તમે ગમે એટલું આયુષ્ય ભોગવ્યું હોય તોપણ પુનઃ મન દ્વારા એક કિશોર કે કિશોરી જેવું જીવન ગાળતાં ડરશો નહિ. તમારી રીત ભાત એવી રાખે કે એમાં વૃદ્ધાવસ્થાનું લેશ પણ ચિહ્ન આવે નહિ. સ્મરણમાં રાખો કે સડી ગયેલું મન, ખવાઈ ગયેલુ મગજ જ શરીરને વૃદ્ધ બનાવી દે છે. માટે વિકાસ પામતા રહો. તમારી આસપાસની પ્રત્યેક શુભ વસ્તુમાં રસ લેતા રહો.- 'ઓરીસન સ્પેટ માર્ટન'

## જુલાઈ

• **બાલ-વન શા માટે?**: સ્વરાજ્ય આવ્યું ત્યારે આપણાં દેશનેતાઓ અને ખાસ તો સરદાર પટેલનું એક સ્વપ્નું હતું : ગાંધીજીના અને ગિજુભાઈના ગુજરાતમાં ગામડે ગામડે અને શહેરોમાં લત્તે-લત્તે બાળકોના વિકાસના કેન્દ્રો સમા ક્રીડાંગણો કરવાનું. જયા બાળકો કોઈની કશી રોકટોક વિના, મન મોકળાં મૂકીને છૂટથી ખેલીકૂદી શકે. પરંતુ કમનસીબે આપણે એ સ્વપ્નું સિદ્ધ કરી શકયા નથી. તેમા પિછેહઠ કરી છે.

શિશુવિહારના શ્રમજીવી મિત્રોએ ૧૯૩૯ માં એકજ હીંચકો નાખીને શરૂ કરેલ ક્રીડાંગણ આજે ગુજરાતનું સાધન સંપન્ન શ્રેષ્ઠ ક્રીડાંગણ બની ગયું છે. અહીં રોજ સેંકડો બાળકો ક્રીડાંગણનો અલૌકિક આનંદ માણે છે. રમતનો આનંદ લુટવાનો દરેક બાળકનો અધિકાર છે. આ અધિકારથી જે માતા પિતા, શિક્ષણ સંસ્થા, સમાજ કે સરકાર બાળકોને વંચિત રાખે છે તે પોતાની પ્રાથમિક ફરજ ચૂકે છે, બાળકના વિકાસને રૂંધે છે, ભાવિ પેઢીના અને ઈશ્વરના ગુન્હેગાર બને છે. શિશુવિહારે તેની સુવર્ણ જયંતી નિમિત્તે તેના વિશાળ પટાંગણમાં ક્રીડાંગણ ઉપરાંત એક મોટું બાલવન રચવાનો દૃઢ સંકલ્પ કર્યો છે અને તેનું કામ પણ શરૂ કરી દીધું છે. શુભસ્ય શીઘ્રમ્. આ બાલવનમાં બાળકોના સર્વાંગી વિકાસના અનેક વિધ આયોજનો અને પ્રવૃતિઓ શરૂ થશે. સર્વે બાલ પ્રેમીઓને આ સેવાના ઉત્તમ કાર્યમાં તન મન ધનથી યથાશક્તિ મદદ આપવા કે અપાવવા વિનંતી છે.-માનભાઈ ભટ્ટ

•**શિશુવિહાર બુધસભાઃ'તાજગી'નું વિમોચનઃ** તા. ૨૮મી મે ની સાંજે ભાવનગરના વતની મુંબઈમાં સ્થિર થયેલા ગઝલકાર, નાટયકાર, વાર્તાકાર બરકત વીરાણી 'બેફામ'ના હસ્તે કવિ કિસ્મત કુરેશીના સુપુત્ર મનસૂર કુરેશીના પ્રથમ કાવ્યસંગ્રહ 'તાજગી'નું વિમોચન થયું. પ્રો. ડો. વિનોદભાઈ જોષી, પ્રો. ડો. પથિક પરમાર, દિલેરબાબૂ વગેરેએ મનસૂરની ગઝલોની તારીફ કરી. શ્રી કિસ્મતભાઈએ ભૂમિકા બાંધી આપી હતી. શ્રી 'બેફામે' ગઝલક્ષેત્રે કિસ્મતભાઈના શિષ્ય હોવાનું ગૌરવ પોતાને પ્રાપ્ત થયું હોવાનું જણાવી, ગઝલ વિશે તેમજ મનસૂરનાં કાવ્યો વિશે વિસ્તારથી વાત કરી છેલ્લે પોતાની બે ગઝલો રજૂ કરી હતી.

'અનરાધાર'નું વિમોચન અને નાથાલાલ દવે અમૃત મહોત્સવ પારિતોષિક પ્રદાન :૩ જૂન, કવિ શ્રી નાથાલાલભાઈના ૭૯મા જન્મ દિને તેમના ૨૫મા કાવ્યસંગ્રહ 'અનરાધાર'ના વિમોચનનો તથા તેમના વિમોચનનો અમૃત મહોત્સવ પ્રસંગે સાન્મિત્ર હરિભાઈ ચૌહાણે જાહેર કરેલ નાથાલાલ દવે પુરસ્કાર પ્રદાનનો કાર્યક્રમ યોજાયો હતો. વિમોચન જાણીતા વિધ્વાન વિવેચક ડો. રમણલાલ જોશીના હસ્તે થયું હતું. અધ્યક્ષસ્થાને સુવિખ્યાત ચિંતક અને પત્રકાર શ્રી પ્રકાશ શાહ હતા.

• **ઘરમાં બાલમંદિર:** બાળક જન્મતાની સાથે જ પોતાની તાલીમ શરૂ કરી દે છે. પણ તે કેવળ પ્રકૃતિની પ્રેરણાથી જ વર્તન કરે છે. માતાની પૂરી હૂંફ અને પોષણ એજ તેના તાલીમ માટેના સાધનો તથા વાતાવરણ છે. તેને હૂંફ, નિદ્રા, પોષણ, ભયજનક સ્થિતિમાંથી બચાવ અને હલન ચલનની અનુકૂળતા મળે એટલે તેની તાલીમનું કામ આપ મેળે ચાલે છે. એમાથીજ બાળક આગળ વધતાં નવી દુનિયાનું દર્શન કરવા લાગે છે. બાળકના મનમાં અન્ય વૃત્તિઓની જેમ ભય પણ સહજ હોય છે. પણ ભયનો અનુભવ કરવાનું તેને જેટલું ઓછું બન્યું હોય તેટલા પ્રમાણમાં તે પોતાના ભયના ભાવને કુતૂહલ ભાવમાં ફેરવવા લાગશે. માતાના ખોળામાં બેસીને સલામતીપૂર્વક અપરિચિત પદાર્થો તથા માણસો તરફ જોતાં બાળકને નિહાળશું તો આ વાત સમશે.

•**દિવ્યજીવન:** પૂ. ગુરુદેવ સ્વામી ચિદાનંદજી મહારાજનો અમૃત મહોત્સવ (૭૫મી જયંતી) નજીક આવી રહ્યો છે. એ નિમિત્તે સ્વામી શ્રી ચિદાનંદ એજ્યુકેશન ફંડ ઊભું કરી જરૂરીયાત મંદ વિદ્યાર્થીઓને વિદ્યોત્તેજક સહાય તથા અભ્યાસ પ્રવૃતિઓ શરૂ કરવાનો વિચાર કરી રહ્યાં હતાં. ગુરુકૃપાથી આ વિચારને અનુમોદન આપતી પ્રારંભિક સહાય સ્વ. રાજેન્દ્રકુમાર શાંતિલાલ ભટ્ટની સ્મૃતિમાં કાયમી નિધિ તરીકે રૂા ૨૫૦૧/- પ્રાપ્ત થઈ છે.

• **વૃદ્ધાશ્રમ: વાલીબેન હ. વળિયા સાર્વજનિક દવાખાનું** : ભા. વૃ. ટ્રસ્ટ સંચાલિત દવાખાનામાં જૂન માસ દરમિયાન ૨૫ પુરૂષો, ૩૪ સ્ત્રીઓ અને ૧૩ બાળકોએ સંપૂર્ણ સારવારનો લાભ લીધેલ છે.સંસ્થા પરિવાર : જૂન માસમાં સંસ્થામાં ૫૫ પુરૂષો અને ૩૧ સ્ત્રીઓ મળીને અંતેવાસીઓની કુલ સંખ્યા ૮૬ની છે.

## ઑગસ્ટ

• **શ્રદ્ધાંજલિ:** ડો. અરવિંદભાઈ એમ. મહેતાના દેહાવસાનથી ભાવનગરને એક આદર્શ સેવાભાવી ડોક્ટર અને સંસ્કારી સજ્જનની મોટી ખોટ પડી છે. શિશુવિહાર સંસ્થાએ પણ એક માર્ગદર્શક મદદગાર મુરબ્બી સ્વજન



ગુમાવ્યા છે. સ્વર્ગસ્થ શિશુવિહાર સંસ્થાના પેટ્રન-સમભાવી સભ્ય હતા. સંસ્થાની સ્થાપનાથી માંડીને આખર ઘડી સુધી તેઓએ હિતેચ્છુ શુભેચ્છક તરીકે સંસ્થાના ઘડતરમાં અમૂલ્ય સક્રીય ફાળો આપેલ છે.

•**શિશુવિહાર પત્રિકા:** શિશુવિહાર સંસ્થાના આચાર, વિચાર અને સમાચારની આ માસિક પત્રિકા વર્ષ ૧૯૪૪ થી નિયમિત પ્રગટ થાય છે. આ પ્રકાશનનો હેતુ સંસ્થાના શિક્ષણના અને સમાજ સેવાના કાર્યને વધુ વેગવાન બનાવવાનો છે. શિશુવિહારને ખોળે ખેલતાં કૂદતાં અને ભણતાં ગણતાં સેંકડો બાળકોના મા બાપના સંપર્કમાં રહેવાનું આ પત્રિકા ઉત્તમ સાધન છે. જાહેર જનતાને અને શુભેચ્છકોને સંસ્થાના કામકાજનો પરિચય આનાથી નિયમિત મળતો રહે છે. જાહેર જનતા અને જાહેર સંસ્થા વચ્ચે આ પ્રકાશન સુમેળ સાધનારી કડી રૂપ છે. દરેક જાહેર સંસ્થાએ કશું છૂપાવ્યા વિના પોતાના આચાર, વિચાર અને સમાચાર લોકોને જણાવતા રહેવું જોઈએ. તેમ કરીને જ જાહેર સંસ્થાના લોકોનો સાચો વિશ્વાસ સંપાદન કરી શકે. ખરૂં જોતા જાહેર જનતાને વિશ્વાસમાં લેનારને જ જાહેર પ્રવૃતિ ચલાવવાનો અધિકાર છે.

## સપ્ટેમ્બર

• **શિશુવિહાર બુધસભા** : યશવંતભાઈનું અભિવાદન: બુધસભાના ઉપક્રમે ગુજરાતના આદરણીય વિદ્વાન, સાહિત્યકાર, શિક્ષણ શાસ્ત્રી, ઉચ્ચ કોટીના વકતા અને વિચારક શ્રી યશવંતભાઈ શુકલનું અભિવાદન કરવાનો શુભ અવસર મળ્યો. સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે અનન્ય સેવા અને સાધના કરનાર મુરબ્બી યશવંતભાઈને ૭૫મું વરસ બેઠું. તેઓના અમૃતપર્વ વર્ષ નિમિતે ભાવનગરની અનેક સંસ્થાઓએ સન્માન કર્યુ. કરવાની તક મળી તે સદ્ભાગ્ય છે.

• **ભાવનગર જિલ્લા સ્કાઉટ-ગાઈડ સંઘ દ્વારા યોજાયેલ શાંતિ નગરયાત્રા:** સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ૧૫ મી ઓગસ્ટના રોજ ભાવનગર જિલ્લાના સ્કાઉટ-ગાઈડ સંઘ દ્વારા એક શાંતિ યાત્રાનું આયોજન કરવામાં આવેલ આ શાંતિયાત્રા ૯-૩૦ કલાકે શિશુવિહાર ક્રીડાંગણથી નીકળી શહેરના મુખ્યમાર્ગો ઉપર ફરી ૧૦-૩૦ કલાકે શિશુવિહાર આવી. શાતિ યાત્રામાં ભાવનગર શહેરની જુદી જુદી શાળાઓના ૨૦૦ સ્કાઉટ-ગાઈડિ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. સ્કાઉટ-ગાઈડની સ્વયંશિસ્ત ઘણી પ્રશંસાપાત્ર હતી.

નોંધીલેશોજી: તા. ૨૦-૧૦-૯૦ નો આવતો અંક શિશુવિહાર સંસ્થાનો વાર્ષિક હિસાબી અંક તરીકે પ્રસિદ્ધ થશે. તેથી દિવ્યજીવન સંઘ અને વૃદ્ધાશ્રમના દાતાઓ, આજીવન સભ્યો અને શુભેચ્છકોને તે અંક મોકલાશે નહિ.

ક્રમશ:

# સૌજન્ય

## સર્વાંગી તાલીમ શિશુવિહારનાં સહાયક

## શ્રી આશાબહેન અરુણભાઈ ઝવેરી



## ઉર આશા ઝવેરી ફાઉન્ડેશન

## મુંબઈ

REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,

12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021

80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021

PAN No.: AACTS4389Q

CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો

નામ: '**શિશુવિહાર**'

SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબર: 32899173982

IFS Code: SBIN0060009

UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY

UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

**Shishuvihar Bhavnagar** | **Shishuvihar Bhavnagar**

**Shishuvihar** | **Shishuvihar**

### પરામર્શ સમિતિ

સર્વશ્રી ઈન્દિરાબહેન ભટ્ટ, અનિલભાઈ બોરીચા, દક્ષાબહેન ગોહેલ, મનિષા કણબી, ભાવનાબહેન પંડયા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAK M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR (GUJARAT) AND PRINTED AT VANSHIKA FORMS, F-12, SANGHVI PLASTIC COM., B/H. BOMBAY SHUTTLE, TEKARI CHOWK, RUVAPARI ROAD, BHAVNAGAR, PIN: 364001. (GUJARAT) INDIA